# તારાપુરના ગામોમાં સાબરમતીના પાણી ઘૂસ્યા

**પેટલાદ,**
બનાસકાંઠા સહિત ઉત્તર ગુજરાતમાં ભારેથી અતિભારે વરસાદ થતા પૂરની સ્થિતી સર્જાઈ છે. બીજી બાજુ અમદાવાદમાં પણ છેલ્લા ચાર દિવસથી સતત વરસાદ અને ઉપરવાસથી પાણી સાબરમતી નદીમાં છોડતા આણંદ જીલ્લાના છેવાડે આવેલ ગામડાઓની પરિસ્થિતી વિકટ બની છે. ધરોઈ ડેમ, વાત્રક અને શેઢી નદી માથી લાખો ક્યુસેક પાણી સાબરમતીમાં છોડતા તારાપુરના ૧૨ તથા ખંભાતના બે ગામોને એલર્ટ કરવામા આવ્યા છે. સાબરમતીના પાણી ધસમસતા તારાપુરના કેટલાક ગામોમા ઘૂસી ગયા છે. તારાપુરના છેવાડે આવેલ ગામોના ખેતરો અને નીચાણવાળા વિસ્તારો જળબંબાકાર થઈ ગયા છે. કેટલાય રસ્તાઓનુ ધોવાણ થઈ જતા સ્થાનીક રહિશો ભારે હાલાકી ભોગવી રહ્યાં છે. આણંદ જીલ્લા પ્રશાસન દ્વારા મળેલ માહિતી મુજબ અગમચેતી અને સાવચેતીના પગલા લીધા હોવાથી કોઈ જાનમાલની હાનિ કે નુકશાન થયુ નહિ હોવાનું જાણવા મળે છે.


તસ્વીર : વિનાયક આણંદજીવાળા

## સાબરમતીમાં ધરોઈ ડેમ, વાત્રક અને શેઢીનુ પાણી છોડતા તારાપુર પ્રભાવિત ખેતરો અને નીચાણવાળા વિસ્તારો જળબંબાકાર રસ્તાઓનું ધોવાણ થતા સ્થાનિકોને હાલાકી ગોલાણા - મીતલી માર્ગ બંધ

પ્રાપ્ત માહિતી મુજબ સાબરમતી નદીમા ગઈકાલે તા. ૨૫ જુલાઈના રોજ ધરોઈ ડેમમાંથી ૧૪૩૦૦૦ ક્યુસેક પાણી છોડવામાં આવ્યુ હતુ જેને કારણે તારાપુર તાલુકાના રીંઝા, નભોઈ, ગલિયાણા, દુગારી, કસ્બારા, ચિતરવાડા, મિલરામપુરા, ફતેપુરા, જાફરગંજ, મોટા કલોદરા, ખડા અને ખંભાત તાલુકાના ગોલાણા તથા પાંદડ પ્રભાવિત રહ્યાં હોવાનું જાણવા મળે છે. આજરોજ પણ વાસણા બેરેજ માથી ૬૮૦૦૦ ક્યુસેક તથા વાત્રક અને શેઢી નદીમાથી ૧૨૦૦૦૦ ક્યુસેક પાણી સાબરમતીમાં છોડવામા આવ્યું છે. જેથી આણંદ જીલ્લા પ્રશાસને તારાપુર અને ખંભાતના ૧૪ ગામોને એલર્ટ જાહેર કર્યા છે. જીલ્લા કલેક્ટર ડો ધવલ પટેલે જણાવ્યું હતુ કે પ્રશાસન દ્વારા સાવચેતીના ભાગરૂપે આ ગામોમા પૂરની પરિસ્થિતીમા બચાવ રાહત કામગીરી માટે લાયઝન અધિકારીઓની નિમણૂક કરવામા આવી છે.

આ અધિકારીઓએ જે તે ગામોમા રાત્રી રોકાણ કરી નીચાણવાળા વિસ્તારોમાં રહેતા લોકોને ઉચાણવાળા સ્થળોએ ખસીજવા સૂચના આપી હતી. પ્રાંત અધિકારી દેવાંગી દેસાઈએ જણાવ્યું હતુ કે ખંભાત અને તારાપુર તાલુકાના સાબરમતી નદી કિનારે આવેલ ૧૪ ગામોમા એકંદરે પરિસ્થિતી નિયંત્રણમાં છે. ઉપરાંત તેઓએ જણાવ્યુ હતુ કે ગોલાણા - મીતલી માર્ગ પર પાણી ભરાવવાને કારણે રસ્તો બંધ કરવામા આવ્યો છે. આ માર્ગનો ટ્રાફિક રોહિણી થઈ મીતલી તરફ ડાયવર્ટ કરવામા આવ્યો છે આ અંગે ગોલાણાના પૂર્વ સરપંચ અનિલભાઈ ચૌહાણે જણાવ્યું હતુ કે અહિયા ખેતરો અને નીચાણવાળા વિસ્તારોમા પાણી ભરાયા છે.

### ૧૪ ગામોનું શૌક્ષણિક કાર્ય સ્થગિત

ઉપરવાસમા પડતા વરસાદને ધ્યાનમાં લઈ સાબરમતી નદીમાં ધરોઈ ડેમમાથી પાણી છોડવામાં આવી રહ્યું છે. જેને કારણે તારાપુર તાલુકાના સાબરમતી કિનારાના મોટા કલોદરા, ખડા, નભોઈ, રીંઝા, ગલિયાણા, દુગારી, પચેગામ, કસબારા, ચીતરવાડા, મિલરામપુરા, ફતેંપુરા, જાફરગંજ તેમજ ખંભાત તાલુકાનાં ગોલાણા અને પાંદડ ગામોની પ્રાથમિક - માધ્યમિક શાળાઓમાં આજરોજ શૌક્ષણિક કાર્ય સદંતર સ્થગિત કરવામાં આવ્યું હતું.

## આણંદ જીલ્લાથી ર૩૦૦૦ ફૂડ પેકેટ રવાના


તસ્વીર : દેવાંગી ઠાકર

બનાસકાંઠા જીલ્લામાં ઉભી થયેલ પરિસ્થિતીને ધ્યાનમાં રાખી પુરપીડીતો માટે આણંદ જીલ્લામાંથી સ્વૈચ્છિક અને સેવાભાવી સંસ્થાઓના સહયોગથી ર૩૦૦૦ જેટલા ફૂટ પેકેટ તૈયાર કરી રવાના કરવામાં આવ્યા છે. જીલ્લા કલેક્ટર ડો. ધવલ પટેલે બનાસકાંઠાના પૂર પીડીતોને મદદરૂપ થવા નાગરીકોને અપિલ કરી હતી. તેઓના માર્ગદર્શન હેઠળ મામલતદાર સંઘવી તથા નાયબ મામલતદાર વિષ્ણુભાઈ પટેલના નેજા હેઠળ અસરગ્રસ્તો માટે સુકા નાસ્તાના ફૂડ પેકેટો તૈયાર કરી નેજા હેઠળ અસરગ્રસ્તો માટે સુકા નાસ્તાના ફૂડ પેકેટો તૈયાર કરી બનાસકાંઠા મોકલવામાં આવ્યાં છે જીલ્લાની જે કોઈ સંસ્થા કે નાગરીકો આવા ફૂડ પેકેટ આપવા માંગતા હોય તો તેઓએ જીલ્લા કલેક્ટર કચેરીનો સંપર્ક કરવા પણ જણાવ્યું છે.

# પેટલાદથી ૭૦૦૦ ફૂડ પેકેટ રવાના


તસ્વીર : દેવાંગી ઠાકર

### પાલિકા કર્મચારીઓએ પૂરગ્રસ્તો માટે સહાય આપી

**પેટલાદ,**
સમગ્ર રાજ્યમાં છેલ્લા એક અઠવાડિયાથી મુશળધાર વરસાદ થઈ રહ્યો છે. બનાસકાંઠા સહિત ઉત્તર ગુજરાતમાં મેઘ તાંડવે તારાજી સર્જી છે. જેને કારણે અસંખ્ય લોકો પૂરગ્રસ્તથી પ્રભાવિત થયા છે. આવા પૂરગ્રસ્ત વિસ્તારોનું હવાઈ નિરીક્ષણ ગઈકાલે વડાપ્રધાને પણ કર્યું હતું. જેઓએ ગુજરાતને તાત્કાલિક રૂા.૫૦૦ કરોડની રાહત કરવાની જાહેરાત કરી હતી. જે કોઈ મૃતક હશે તેમના પરીવારજનોને રૂપિયા બે લાખ અને ઈજાગ્રસ્તોને રૂપિયા ૫૦ હજારની સહાય કરવા પણ જાહેરાત કરી હતી. આવી પરીસ્થિતિમાં લોકો સુધી ખાવાનું પહોંચાડવા ફુડ પેકેટની વ્યવસ્થા આણંદ જીલ્લાના અનેક ગામોમાંથી થઈ છે, જે પૈકી પેટલાદથી ૭૦૦૦ જેટલા ફૂડ પેકેટ ગતરાત્રીએ તૈયાર કરી આજરોજ રવાના કરેલ હોવાનું જાણવા મળે છે. પ્રાપ્ત માહિતી મુજબ આણંદ જીલ્લા કલેક્ટરે ટ્વિટર દ્વારા ફૂડ પેકેટ આપવા જાહેર અપીલ કરી હતી. જેના અનુસંધાનમાં પેટલાદ પાલિકાના ચીફ ઓફિસર સહિત કર્મચારીઓએ ફૂડ પેકેટ બનાવવાનું આયોજન રણછોડજી મંદિરના સહયોગથી કર્યું હતું. પાલિકાના કર્મચારીઓ અને રણછોડજી મંદિર દ્વારા સુખડી અને ખારા સકરપારાનાં ૭૦૦૦ જેટલા ફૂડ પેકેટ બનાસકાંઠાના પૂરગ્રસ્તો માટે બનાવ્યાં છે. જે આજરોજ જીલ્લા કલેક્ટર કચેરીએ પહોંચાડવામાં આવ્યા હોવાનું જાણવા મળે છે. આ ફૂડ પેકેટ તૈયાર કરવામાં પાલિકા કર્મચારીઓ, રણછોડજી મંદિરના ભક્તજનો અને યુવાનોએ રાતભર જહેમત ઉઠાવી ફૂડ પેકેટ તૈયાર કર્યા છે.

### ર૫૦૦ સાડીઓની સહાય !

ગ્રામિણ વિકાસ અને સંશોધન કેન્દ્ર પેટલાદનાં ધુળાભાઈ સોલંકીએ ટેલિફોનીક વાતચીતમાં જણાવ્યું હતું કે અમારી સંસ્થા તથા પેટલાદ તાલુકા ક્ષત્રિય ઠાકોર સેના દ્વારા બનાસકાંઠાની પૂરગ્રસ્ત મહિલાઓને ર૫૦૦થી વધુ સાડીઓ મોકલવામાં આવનાર છે. અમો પંદર જેટલા આગેવાનો આવતી કાલે આ ર૫૦૦ સાડી અને ૫૦૦૦થી વધુ ફૂડ પેકેટ લઈ રવાના થઈશુ. બનાસકાંઠા પહોંચી સ્થળ અને સ્થિતિ મુજબ જરૂરતમંદોને આ સામાન વિતરણ કરવામાં આવશે.

## મહીસાગરજિલ્લામાં સંભવિત આપત્તિને પહોંચી વળવા જિલ્લા વહીવટી તંત્ર સજ્જ



(તસ્વીરઃ- હબીબ પ્રેસવાલા, ગોધરા)

**મહીસાગર (લુણાવાડા)**
ભારે વરસાદની આગાહીને સંદર્ભે રાજ્ય કક્ષાના ઉદ્યોગ અને ખાણ ખનીજ વિભાગના મંત્રી શ્રીરોહીતભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને જિલ્લા કલેકટર કચેરીના સભાખંડ લુણાવાડા ખાતે જિલ્લાના સંબધિત અધિકારીઓ સાથે બેઠકયોજાઈ હતી.

આ અવસરે ઉપસ્થિત અધિકારીઓને સંબોધતા રાજ્ય કક્ષાના મંત્રી શ્રી રોહીતભાઈ પટેલે જણાવ્યું હતું કે હવામાન વિભાગ દ્વારા રાજ્યભરમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. ત્યારે જિલ્લામાં લોકોને કોઈપણ જાતની તકલીફ ન પડે તે માટે જિલ્લા વહીવટી તંત્ર કામગીરી કરી રહ્યું છે. જે અભિનંદનને પાત્ર છે. સાથો સાથ જિલ્લામાં સંભવિત આપત્તિઓને પહોંચી વળવા જિલ્લા વહીવટી તંત્ર છે એટલું નહી જિલ્લામાં ભારે વરસાદની આગાહીના પગલે જિલ્લાના તમામ અધિકારીઓ સંકલનમાં રહી સુચારૂ આયાોજન કરવાભાર મુક્યો હતો.

બેઠકમાં રાજય મંત્રી શ્રી રોહીતભાઈ પટેલે દ્વારા રાજયભરમાં ભારે વરસાદની આગાહીના પગલે આપત્તિના સંજોગો છે. થાય તો પહોંચી વળવા જરૂરી તૈયારીઓ અંગેની જાણકારી સંબધિત અધિકારીઓ પાસેથી મળવી હતી જેમાં માર્ગ અને મકાન વિભાગ સ્ટેટ, અને પંચાયત, આરોગ્ય વિભાગ, મધ્ય ગુજરાત વીજ કંપની, ખેતીવાડી વિભાગ, સિંચાઈ વિભાગ અને વગેરેવિભાગની સંભવિત આપત્તિ સમયે પરિસ્થિતિ સમયે કરવામાં આવનાર આયોજનની કામગીરીની વિસ્તૃત સમિક્ષા કરવામાં આવી હતી. ઉપરાંત કડાણા, પાનમ અને ભાદરડેમની સપાટીઓ વિશે પણ જાણકીરી મેળવી જરૂરી સુચનાઓ સંબંધિતઅધિકારીઓને આપી હતી.

# મેઘરજમાં મેઘાનું મેઘ તાંડવ જનજીવન ખોરવાયું


(તસ્વીરઃ- આશિષ વાળંદ, મેઘરજ)

**મેઘરજ,**
અરવલ્લી જિલ્લાના તમામ તાલુકાઓમાં વરસાદના લાંબા ગાળાના વિરામ બાદ છેલ્લા છ દિવસથી અવિરત વરસતા વરસાદની મેઘમહેરથી મેઘરજ તાલુકા મથકની નિચાણવાળી સોસાયટીઓમાં અને તાલુકાના અન્ય ગામડાઓમાં પુષ્કળ પ્રમાણમાં ઠેર ઠેર પાણી ભરાતાં જનજીવન ખોરવાયું છે. જેમાં સોમવારના રોજ સાંજે મેઘરજના બીટી છાપરા પાસે આવેલ વાંઘામાંથી બે ઈસમો મારૂતી અલ્ટો કાર લઈ વાંઘામાંથી પસાર થતા હતા ત્યારે અચાનક વાંઘામાં પાણી વધી જતાં મારૂતી કાર સાથે બે ઈસમો તણાયા હતા જેમાં ફાયર બ્રિગડની ટીમે ભારે જહેમત બાદ રેસ્કયુ ઓપરેશન બાદ એક મૃતદેહને બહાર કાઢયો હતો તેમજ અન્ય એક ઈસમની લાશ ન મળતાં રહસ્ય અકબંધ છે તેમજ મંગળવારના રોજ મેઘરજના કુંભેરા ગામે અવિરત વરસાદના કારણે બે વર્ષનો બાળક કિરણ આંબલીયા ઘર આગળ રમતાં રમતાં પાણીના ખાડામાં ગરકાવ થઈ જતાં તે બાળકનું સારવાર પુર્વે મોત નીપજયું હતું. ત્યારે બુધવારના રોજ સતત વરસાદથી મેઘરજ તાલુકામાં બે દિવસમાં ૨૭ મકાનો ધરાશયી થયા હતા.જેમાં મેઘરજના ડામોરઢુંઢા પ્રા.શાળાના મકાનની દિવાલ ધરાશયી થવાના બનાવો બન્યા છે તેમજ બુધવારના રોજ સતત વરસાદથી રામગઢીથી ગાજણ જતા રસ્તા પરના ડીપના કિનારે બનાવેલ સ્મશાનને પણ નુકશાન પહોંચ્યુ હતુ. સતત વરસાદથી મેઘરજ તાલુકાના ગોરવાડાનું ઘરોલા તળાવ અને રાયાવાડાનું તળાવ પણ ફુટવાની સંભાવના વધતાં રાયવાડા તળાવ પર મેઘરજ મામલતદાર આર.પી. વણકર, લાયઝન અધિકારી, સિંચાઈ વિભાગનો સ્ટાફ તેમજ પંચાયતના ત.કમંત્રી તળાવ પર પહોંચ્યા હતા અને આજુબાજુના લોકોને સાવચેત રહેવાની સુચના આપી હતી અને જો લોકોને પાણીથી સમસ્યા ઉભી થાય તો રાયવાડા પ્રાથમિક શાળામાં રહેઠાણની વ્યવસ્થાની તૈયારી કરવામાં આવી હતી. સતત વરસાદથી ખેતરોમાં પાણી ભરાતા ખેતીને પણ મોટુ નુકશાન થતાં ખેડૂતો બેહાલ બન્યા છે.★

## અરવલ્લી જિલ્લામાં ભારે વરસાદે ચારના મોત

**સાકરીયાઃ** અરવલ્લી જિલ્લામાં આજ સવાર સુધીમાં સીઝનનો ૬૬ ટકા વરસાદ નોધાયો છે અને જિલ્લામાં સતત વરસાદથી અત્યાર સુધી ૪ લોકો ના મોત થયા છે અને ૧૫ કરતા વધુ પશુઓં ના મોત થયા છે. જ્યાતે જિલ્લામાં ૨૨૦ જેટલા કાચા પાકા મકાનો નુકશાનગ્રસ્ત થયા છેજિલ્લામાએનડીઆરએફ ધ્વારા બે જગ્યા એ રેસ્ક્યુ કરવામાં આવ્યું છે જેમાં એનડીઆરએફ ના ૩૫ જવાનો સ્ટેન્ડ બાય રખાયા છે. મોડાસા ની કેટલીક સોસાયટીઓં બેટમાં ફેરવાઈ છે.કેટલીક જગ્યા એ ત્રણ થી ચાર ફૂટ પાણી ભરાયા છે.અતિવૃષ્ટિ ને પહોંચી વળવા માટે તંત્ર તેયાર અને સાબદુ છે જિલ્લામાં હજુ પણ ધોધમાર વરસાદ યથાવત છે.મોડાસાની કોલેજ રોડ વિસ્તારની સોસાયટીઓ બેટ સમાન હોય ૩૦૦ થી વધુ મકાનમાં પાણી ભરાયેલા ચગે અને ,રહીશોને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.

### દેવગઢ બારીઆમાં શિવ મહોત્સવનું આયોજન


(તસ્વીરઃ- મઝહર મકરાણી, દે બારીઆ)

**દે. બારીઆ,**
દેવગઢ બારીઆ નગરમાં રાણા સમાજ તથા ગણનાથ યુવા સંઘ દ્વારા શ્રાવણ સુદ એકમ તા.૨૪.૭.૨૦૧૭ ને સોમવારથી શ્રાવણ વદ અમાવસ તા.૨૧.૮.૨૦૧૭ ને સોમવાર સુધી શિવ મહોત્સવનું આયોજન શાસ્ત્રી શ્રી સંદિપભાઈ પંડયા તથા હરિશ પુરોહિત રાજસ્થાનવાળાના વરદ હસ્તે રાણા સમાજની વાડી- રાણા શેરી- દેવગઢ બારીઆ જી. દાહોદમાં કરેલ છે.

આ પ્રસંગે નવ ફુટનુ માટીનુ શિવલીગ તથા ૧૨૫૦૦૦ પાર્થેશ્વર શિવલીંગ, નવ ગ્રહ મંડલ, ગણેશ સ્થાપન તેમજ વિવિધ પ્રકારના ૧૨ મડોલોનું પુજન તથા નિત્ય સવાર સાંજ પુજન/આરતી કરવામાં આવે છે જેમા ખુબ જ મોટી સંખ્યામાં શિવ ભક્તો ઉપસ્થિતના કારણે સમગ્ર વાતાવરણ શિવમય બની જાય છે રાણા સમાજની વાડીમાં દરરોજ રાત્રે ભક્તિમય કાર્યક્રમ રાખવામાં આવે છે.★

## ભિલોડા તાલુકાના કરણપુર ગામ પાસે તળાવમાં ગાબડું પડતાં વરસાદી પાણીનો વ્યય આજુ-બાજુના ગ્રામ્યવિસ્તારોના પ્રજાજનોને એલર્ટ કરાયા


(તસ્વીરઃ- જીત ત્રિવેદી, ભિલોડા)

**ભિલોડા,**
ભિલોડા તાલુકામાં સાર્વત્રીક વરસાદની હેલીના કારણે કરણપુર ગામ પાસે તળાવમાં ગાબડું પડતાં વરસાદી પાણીનો વ્યય થઈ જતાં આજુ- બાજુના ગ્રામ્યવિસ્તારોના પ્રજાજનોને એલર્ટ કરાયા હતા.

ભિલોડા મામલતદાર જી.કે.પટેલ,ટી.ડી.ઓ.રાકેશભાઈ પટેલ,નાયબ મામલતદાર નરેન્દ્રભાઈ ચૌધરીના જણાવ્યા મુજબ કરણપુર ગામ પાસે તળાવમાં ગાબડું પડતાં જીલ્લા કલેકટર શાલીની અગ્રવાલ,જીલ્લા પંચાયત પ્રમુખ રાજેન્દ્રભાઈ પારઘી, શાંમળભાઈ પટેલ,કાંતીભાઈ હોથા સહિત વહીવટી તંત્રના અધિકારીઓ,રાજકીય આગેવાનો કરણપુર ગામના તળાવના કિનારે તાબડતોબ ઘટનાસ્થળે આવી પહોંચ્યા હતા.કરણપુર ગામ પાસેના તળાવમાંથી વ્યય થઈ જતાં પાણીને અટકાવવા વહીવટી તંત્ર પુરજોશમાં કામે લાગી ગયું હતું ત્યારે પ્રજાજનોએ હાશકારો અનુભવ્યો હતો પરંતુ ભિલોડા તાલુકામાં ઠેર-ઠેર તળાવો લીકેજ હોવાની અફવાએ જોર પકડતાં તાલુકાના ગ્રામજનો ભયભીત બન્યા હતા.વધુ વરસાદ આવે તો નાના-મોટા તળાવો ફાટવાની સંભાવના સેવાઈ રહી હોવાનું આધારભુત સુત્રો ધ્વારા જાણવા મળેલ છે.

ભિલોડા તાલુકામાં સતત ૬ દિવસથી મુશળધાર વરસાદના કારણે ઠેર-ઠેર વર્ષો જુના મકાનો ધારાશાયી થઈ જતાં પ્રજાજનો માટે તો આજે ઉપર આભ અને નીચે ધરતીના સહારે જીવન ગુજારવાનો વારો આવ્યો છે ત્યારે વહીવટી તંત્રના અધિકારીઓ ધ્વારા સત્વરે સર્વેની કામગીરી હાથ ધરાય તો સહાય અરજદારોને મળવાપાત્ર થઈ શકે તેમ લોકમુખે ચર્ચાય છે.★

## સેમકોમ કોલેજ ખાતે રંગમંચ સ્પર્ધાનું આયોજન

**આણંદ,**
ચારુતર વિદ્યામંડળ સંચાલિત સેમકોમ કોલેજ દ્વારા તા.૨૪ જુલાઈ ૨૦૧૭ના રોજ 'રંગમંચ' સ્પર્ધાનું આયોજન બીવીએમ ઓડિટોરીયમ ખાતે કરવામાં આવ્યું હતું. રંગભુમિમાં રસ ધરાવતા વિદ્યાર્થીઓને કોલેજ દ્વારા મંચ પુરુ પાડવામાં આવે છે. આ સ્પર્ધા આંતરવર્ગીય સ્પર્ધા હતી જેમાં બીકોમ, બીબીએ, બીસીએ, બીબીએ આઈટીએમના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. તેઓએ માઈમ, સ્કીટ, એકપાત્રી નાટક વિગેરે ભજવ્યા હતા.

આ સ્પર્ધાના નિર્ણાયક તરીકે જાણીતા રંગભૂમિ કલાકાર શ્રી કનુભાઈ પટેલ શ્રી પ્રદિપ પટેલ, જાણીતા ફિલાન્સ રાઈટર, ડાયરેકટર અને અભિનેતા મિ. દિપ વૈદ્ય જાણીતા રંગભૂમિ કલાકાર અભિનેતા અને કોમેડીયને પોતાની સેવાઓ આપી હતી.

આ પ્રકારની સ્પર્ધા યોજવાનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓનેએક મંચ પુરુ પાડવાનો છે જેમાં વિદ્યાર્થીઓમાં રહેલી સુષુપ્ત કુશળતાને ઉભરવાનો છે અને આના દ્વારા ભવિષ્યમાં થિયેટર કલાકાર, અભિનેતા, કોમેડીયન અને પ્રોડયુસર તરીકે વિદ્યાર્થીઓના વિકાસમાં મદદરૂપ બની રહે છે. આચાર્યશ્રી ડો વહીદા થોમસના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થી મધ્યસ્થ સમિતીના વડા ડો પ્રિતી લુહાના અને કો- ઓર્ડિનેટર પ્રા. જો મેરી જયોર્જ અને પ્રા. જેનીતા પટેલના સહીયારા પ્રયાસથી આ સ્પર્ધા સફળ થવા પામી હતી.★

## અર્બન ગુજરાતી ફિલ્મ તું મારી આસપાસ છે

**અમદાવાદ,**
છેલ્લા ઘણા સમયથી દેશમાં અનામતના મુદ્દો ચર્ચામાં છે ત્યારે આવા જ કઈક સળગતા વિષયને લઈને લિવીગ હાઉસ લાવી રહ્યુ છે ફિલ્મ તુ મારી આસપાસ છે ફિલ્મની વાર્તાની વાત કરીએ તો ફિલ્મમા ચિરાગ અને તેના પાંચ મિત્રો વચ્ચે ગાઢ મિત્રતા હોય છે નોકરી મેળવવા પકરવા પડતા સંઘર્ષ કારણે ચિરાગ ભણતર પછી નોકરી નહી પરતુ પોતાના ધંધો કરવામા માને છે મિત્રો જોડે ધંધો શરુ કરે છે. જેમા તેને એક વકીલ દ્વારા ખોટી રીતે ફસાવી દેવામાં આવે છે અને તેના કારણે તેને જેલ થાય છે જ્યારે ફિલ્મમા વિજય મહેતા મુબઈ ક્રાઈમ બ્રાચનો જાબ ાજ એકાઉન્ટર સ્પેશ્યાલીસ્ટ ઓફિસર છે અન્ડવર્લ્ડમા તેની એક ધાક છે મોહિની અને કરણની કોલેજ પ્રેમનીઆ અનોખી ફિલ્મની કથા પટકથા સંવાદ અને દિગ્દર્શન નિલેશ પટેલનું છે.

ફિલ્મ રોમાન્સ, કોમેડી, સસ્પેન્સ એકશનથી ભરપૂર છે મુખ્ય કલાકાર યતિન પરમાર રાજ જતાનીયા જયેશ મોરે હાર્દિકા જોષી, યામિની વ્યાસ, દિનેશ ભગતજી જોવા મળશે તો કિશનસિહ ચૌહાણ અને વિદુર ગોટાવાલા ના ગીતોને શૈનક પંડ્યા સુદર રીતે સ્વરબંધ કર્યા છે ફિલ્મને સ્વર સત્યેન જગીવાલા શૈનક પંડ્યા જીગીશા નો મળ્યો છે.

વાત કરીએ ફિલ્મની સિનેમેટોગ્રીફીની તો ફિલ્મની સિનેમેટોગ્રાફી જયસિહ રાજ પૂરોહિતે કરે છે જ્યારેફિલ્મનુ લાઈન પ્રોડકશન કિશોર ગોરી પ્રોડકશને સંભાળ્યુ છે અને ફિલ્મનુ પ્રોસ્ટ પ્રોડકશન જે એસ સ્ટુડિયો મુબઈ થયુ છે ફિલ્મ ખૂબ જ સુદર અને સારી બની છે પ્રેમ સંઘર્ષ દોસ્તીથી ભરપૂર આગામી ૨૮ જુલાઈથી રો ગુજરાતભરમાં રિલિઝ થવા થઈ રહી છે.

**વેસ્ટર્ન ટાઇમ્સ**
વેસ્ટર્ન ટાઇમ્સમાં પ્રકાશિત જાહેરાતો અંગે વાંચકોએ પોતાની રીતે ચકાસણી કરી નિર્ણય લેવો.
-જાહેરખબર મેનેજર

## મોટા વરાછા ખાતે મૃતકની ખોટી સહીઓ કરી ખેડૂતની જમીન વેચી દેવાઈ

**સુરત,**
અમરોલી- મોટા વરાછા ખાતે રહેતા એક મૃત ખેડૂતની બોગસ સહીઓ કરી જમીન વેચી મારવાના ગુનામાં પોલીસ ગુનોલ નોંધી તપાસ હાથ ધરી છે. પોલીસ સૂતોના જણાવ્યા અનુસાર અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના ધુફણીયાતા ગામના વતની અને હાલ લંબે હનુમાન રોડ ત્રિકમનગર ખાતે રહેતા કાળુભાઈ કત્રોડીયાએ બાબુભાઈ ગજેરા, ભરત વાલજી પટેલ, માધવજી પરવડીયા તથા અશોકકુમાર શાહ સામે અમરોલી પોલીસ મથકમાં ફરિયાદ આપી હતી. તેમણે પોલીસમાં જણાવ્યું હતું કે, ઉપરોકત આરોપીઓએ કાળુભાઈ કાત્રોડીયાએ ૨૦૦૪માં મોટા વરાછા ખાતે આવેલી સર્વે નંબર ૯ અને બ્લોક નંબર-૩ વાળી ૬૮૭૯.૫૦ ચોરસ મીટર જમીન ખરીદી હતી. ત્યારબાદ આ જ જમીનના મૃતક ખેડૂતની ખોટી સહીઓ કરી આ જમીન બારોબાર વેચી દેવાઈ હતી. કાળુભાઈને આ બાબતનો ખયાલ આવી જતા તેમણે ચાર આરોપીઓ સામે અમરોલી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આઈપીસી ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૪૭૨, ૩૪ તથા ૧૨૦ બી મુજબનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## દમણવાડામાં મહિલાઓ માટે મેડીકલ અવેરનેસ કેમ્પ યોજાયો

**વલસાડ,**
સંઘપ્રદેશ દમણ કેતન એનજીઓ અને ડો. રમણીક લાલ મેડીકલ રીલીફ ટ્રસ્ટના સંયુકત ઉપક્રમે દમણવાડા કમ્યુનિટી હોલમાં મહિલાઓને મોનોપોઝ પર મેડીકલ અવેરનેસ કેમ્પ યોજવામાં આવ્યો. જેમાં ગાયનેક ડોકટરોએ મહિલાઓને જણાવ્યું કે ૪૫ થી ૫૫ વર્ષની વયની મહિલાઓમાં સ્વભાવિક રૂપથી માસિક બંધ થઈ જાય છે. જેને મોનોપોઝ કહે છે. મોનોપોઝ થતાં મહિલાઓમાં બાયોલોજીકલ ફેરફાર આવે છે. સંતુલિત પૌષ્ટિક આહારની ઘટથી ઘણી જાતની શારીરિક વ્યાધિ થવાની આશંકા રહે છે. ગાયનેક ડોકટરોને મોનોપોઝથી જોડાયેલ સમગ્ર વાત મહિલાઓને બતાવવામાં આવી.

આ દરમિયાન મહિલાઓને કેતન એનજીઓ અને ડો. રમણીકલાલ મેડીકલ રીલીફ ટ્રસ્ટ તરફથી કેલ્શિયમ અને જરૂરી દવાઓ આપવામાં આવી. કેતન એનજીઓના વાઈસ ચેરમેન અમી પટેલના નેતૃત્વમાં આ મેડીકલ અવેરનેસ કેમ્પ યોજાયો. જેમાં પરિયારી ગામની મહિલાઓએ ભાગ લીધો અને લાભાન્વિત થઈ. કેતન એનજીઓના ઉપપ્રમુખ અમી કેતન પટેલે આ મહિલાઓને જણાવ્યું કે, આ કેમ્પમાં જણાવેલ વાતોને બીજી મહિલાઓને પણ જણાવે. જેને બાકીની મહિલાઓને પણ લાભ થઈ શકે. કેતન એનજીઓની ટીમના પ્રયાસથી આ મેડીકલ અવેરનેસ કેમ્પ સફળ બન્યો છે.★

## દૂણેઠામાં કાનૂની જાગરૂક્તા કેમ્પ યોજાયો

**વલસાડ,**
સંઘપ્રદેશ દમણ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ અને દમણ બાર એસોસીએશનના સંયુક્ત ઉપક્રમે નાની દમણના દૂણેઠા ખાતે આવેલ ચેરટ્રોન સ્કૂલમાં કાનૂની જાગૃતતા કેમ્પનું તા.૨૫મી જુલાઈના મંગળવારના દિને આયોજન કરાયું હતું. આ કેમ્પમાં નાલ્સા યોજના અંતર્ગત બાળકોના અધિકારના અમલને આધિન, કિશોર ન્યાય અને બેટી બચાવો, બેટી પેઢાઓ અંગે વિસ્તૃત જાણકારી આપવામાં આવી છે. આ કેમ્પમાં દુણેઠા સહિત આજુબાજુના શહેરી તથા ગ્રામ્ય વિસ્તારના લોકોએ મોટી સંખ્યામાં લાભ લીધો હતો.★

## સંઘપ્રદેશના વિદ્યાર્થીઓની ચિતા સેવવા માટે ડેલકરે પ્રશાસકની પ્રશંસા કરી

**સેલવાસ,**
સંઘપ્રદેશ દાનહ અને દમણ દીવ ના મેડીકલ અને પેરામેડીકલના વિદ્યાર્થીઓનું ભવિષ્ય અંધકારમા ધકેલાય ન જાય તે માટે પ્રશાસક પ્રફુલભાઈ પટેલે ગુજરાત સરકારમા રજુઆત કરવા જે પ્રયાસો કર્યા અને સમાધાન લાવવાનુ કામ કર્યુ તે બદલ દાનહ માજી સાસદ મોહનભાઈ ડેલકરે પ્રશાસકની પ્રશસા કરી દિલથી આભાર વ્યક્ત કર્યો છે.

પ્રશાસકો આભાર માનવાની સાથે સાથે મોહનભાઈ ડેલકરે એક કુશળ અને અનુભવી પ્રશાસક બને પ્રદેશને મળ્યા હોવાથી વાત કહી છે આ બાબતને લઈ મહોનભાઈ ડેલકરે વધુમા જણાવ્યુ છે કે ગુજરાત સરકારની મેડીકલ પ્રવેશ કમિટી દ્વારા બહાર પાડવામા આવેલ ઉમેદવારોની યાદીમા દાનહ અને દમણ દીવના વિદ્યાર્થીઓને ડિસ્કવોલીફાઈડ જાહેર કર્યા ત્યારે વિદ્યાર્થીઓ વાલી વતુળોમાં ઘેરી ચિતા વ્યાપી જવા પામી હતી પ્રશાસક પ્રફુલભાઈ પટેલના ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી વિજય રૂપાણી શિક્ષણમંત્રી સહિત ઉચ્ચ અધિકારી સાથે ધનિષ્ઠ સંબંધનો ફાયદો દાનહ અને દમણ દીવના વિદ્યાર્થીઓ થવા થઈ રહ્યો છે તેવી લાગણી મોહનભાઈ ડેલકરે વ્યક્ત કરી છે.★

## જૂની અદાવતમાં હીરા દલાલને ચપ્પુ હુલાવ્યું

**સુરત,**
શ્યામધામ ચોક સંગના સોસાયટી વિભાગ-૧માં એક હીરા દલાલ પર જૂની અદાવતમાં બે હુમલાખોરોએ ચપ્પુ વડે હુમલો કર્યો હોવાનો બનાવ સરથાણા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. પોલીસ સરથાણા શ્યામધામ ચોક સંગમાં ગત તા. ૨૪મી જુલાઈના રોજ રાત્રે સાડા દસ વાગ્યાના સુમારે હીરા દલાલીનું કામ કરતા અને નાના વરાછા ચીકુવાડી ખાતે રહેતા સાગરભાઈ ભગવાનભાઈ ભુવા પર અગાઉ થયેલી અદાવતને ધ્યાનમાં રાખી ચપ્પુ વડે હુમલો કરી અલ્પેશ ભુવા તથા વિકેન પટેલ ફરાર થઈ ગયા હતા. સરથાણા પોલીસ આઈપીસી ૩૨૪ મુજબનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. અલ્પેશ ભુવા તથા વિકેન પટેલ અને સાગર ભુવા વચ્ચે ગત તા. ૨૨મી જુલાઈના રોજ મારા-મારી થઈ હતી. જની અદાવત રાખી ચપ્પુ વડે સાગર પર હુમલો કરવામાં આવ્યો હતો.

**કોરલ લેબોરેટરીઝ લિમિટેડ**
નોંધણીકૃત કાર્યાલય : એસ એફ-૨૦૬, સિલ્વર ઓક કોમ્પ્લેક્સ, બી.પી.સી. રોડ, બડોદરા – ૩૯૦૦૨૦.
ફોન : ૦૨૨-૨૫૦૦૫૨૪૫/૪૬
ફેક્સ : ૦૨૨-૨૫૦૦૪૮૯૩.
વેબસાઈટ : www.corallab.com
ઈમેલ : cs@corallab.com
CIN: L24231GJ1997PLC031669

**નોટિસ**
સેબી(લિસ્ટિંગ ઓબ્લિગેશન એન્ડ ડિસ્ક્લોઝર રિક્વાયરમેન્ટ્સ) વિનિયમો ૨૦૧૫ના વિનિયમ ૨૯(૧) અને ૪૭ને અનુસરી અહીં નોટીસ પાઠવવામાં આવે છે કે, 30 જૂન, ૨૦૧૭ના રોજ પૂર્ણ થતાં ત્રિમાસિકગાળાના ઑડિટ નહીં થયેલાં નાણાંકિય પરિણામો અંગે વિચારણા કરવા અને તેને સ્વીકારવા માટે ગુરુવાર, ૧૦ ઓગસ્ટ ૨૦૧૭ના રોજ સવારે ૧૧:૩૦ વાગ્યે ૩ બી, પાટણવાલા કમ્પાઉન્ડ, ફિટનેસ વર્લ્ડની બાજુમાં, એલ.બી.એસ. માર્ગ, ઘાટકોપર (પશ્ચિમ) મુંબઈ – ૪૦૦૦૮૬ ખાતે આવેલ કંપનીની કોર્પોરેટ ઑફિસે કંપનીના બોર્ડ ઑફ ડિરેક્ટર્સની મીટિંગ નિર્ધારિત કરવામાં આવી છે.

નોટિસની નકલ કંપનીની વેબસાઈટ (www.corallab.com) પર અને બીએસઈ લિમિટેડની વેબસાઈટ www.bseindia.com પર ઉપલબ્ધ છે.

કોરલ લેબોરેટરિઝ લિમિટેડ વતી
આદેશથી
સુષ્મા ચિનચને
ડાયરેક્ટર
(DIN : ૦૭૭૯૧૭૩૫)
સ્થળ : મુંબઈ
તારીખઃ ૨૬ જુલાઈ ૨૦૧૭